## બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ 2021-22માં ધોરણ 9માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

## ધોરણ 9

# ગુજરાતી



## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
*સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,*
*સમગ્ર શિક્ષા, ગાંધીનગર*

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
*સચિવ, સમગ્ર શિક્ષા*

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
*એએસપીડી, સમગ્ર શિક્ષા*

**ડૉ. ટી. એસ. જોષી**
*નિયામક, જીસીઈઆરટી*

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
*સમગ્ર શિક્ષા*

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

**મિનેશકુમાર વાળંદ**

**તૃપ્તિ વાઘેલા**

**મિનેશભાઈ પંચાલ**

**મનીષભાઈ સુથાર**

**મહંમદરફીક મનસુરી**

**ભરતભાઈ બગોદરિયા**

**શૈલેષ બાવા (પ્રાચાર્ય)**

**દક્ષાબેન ખડાયતા**

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

**સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG

www.vande.gujarat.gov.in

VANDE GUJARAT

બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે.
DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA
https://diksha.gov.in/

YouTube
Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT

## બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

### ધોરણ 9

# ગુજરાતી



GCERT
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિંગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ  કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# ‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્યત્તિની સમજ માટે આ **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્યત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ચાલો યાદ કરીએ... | 1 |
| 2. | કદમ - ૧ | 4 |
| 3. | કદમ - ૨ | 8 |
| 4. | કદમ - ૩ | 12 |
| 5. | કદમ - ૪ | 17 |
| 6. | કદમ - ૫ | 20 |
| 7. | કદમ - ૬ | 26 |
| 8. | કદમ - ૭ | 31 |
| 9. | કદમ - ૮ | 36 |
| 10. | કદમ - ૯ | 40 |
| 11. | કદમ - ૧૦ | 45 |
| 12. | કદમ - ૧૧ | 50 |
| 13. | કદમ - ૧૨ | 53 |
| 14. | કદમ - ૧૩ | 57 |
| 15. | કદમ - ૧૪ | 61 |
| 16. | કદમ - ૧૫ | 65 |
| 17. | કદમ - ૧૬ | 69 |
| 18. | કદમ - ૧૭ | 72 |
| 19. | કદમ - ૧૮ | 77 |
| 20. | કદમ - ૧૯ | 81 |
| 21. | કદમ - ૨૦ | 85 |
| 22. | કદમ - ૨૧ | 89 |
| 23. | કદમ - ૨૨ | 93 |
| 24. | ચાલો, ચકાસીએ | 96 |

# ચાલો યાદ કરીએ !

**પ્રશ્ન-૧. તમને ગમતું એક લોકગીત લખો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૨. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો.**

(છતાં, અને, પણ, એટલે)

ચિન્ટુ ____________ ટીના બંને બહેનો. ચિન્ટુ ભણવામાં ખૂબ તેજસ્વી. ટીના નાની હોવા ____________ જબરી છે. ચિન્ટુ ભણવાની સાથે ઘરકામમાં ____________ હોશિયાર. ચિન્ટુ મોટી ____________ ટીનાને હંમેશા માર્ગદર્શન આપતી રહે. ચિન્ટુ ____________ ટીના ભણવાની સાથે રમતગમતમાં ____________ પાવરધા. બંને હોશિયાર ____________ સૌના પ્રિય.

**પ્રશ્ન-૩. નીચેના વાક્યોનો કાળ દર્શાવો.**

૧. હું ગાંધીનગર ગયો હતો પણ સાહેબ મળ્યા ન હતા.

જવાબ : ______________________________

૨. હું ગુજરાતીનું સ્વાધ્યાય કરી રહ્યો છું.

જવાબ : ______________________________

૩. આવતીકાલની મેચમાં ઈન્ડિયા જ જીતશે.

જવાબ : ______________________________

૪. મને પાક્કી આશા છે કે હું શિક્ષક જ બનીશ.

જવાબ : ______________________________

૫. કોરોનાના લીધે હું ગરમ પાણી પી રહ્યો છું.

જવાબ : ______________________________

૬. હું કાલે સરદાર સરોવર ગયો હતો.

જવાબ : ______________________________

**પ્રશ્ન-૪. આપેલ લંબગોળમાંથી વિશેષણ શોધી ખાલી જગ્યા પૂરો.**

સુંદર કિલો લાંબા લાલ ઠંડો ગાંધીજી શ્રીખંડ અમદાવાદ નાનું ચકલી હિમાલય

૧. મમ્મી પાસે ____________ સાડી છે.

૨. હું ____________ ઘી લાવ્યો.

૩. સાબરના શીંગડા ____________ હોય છે.

૪. મને હંમેશા ____________ આઈસ્ક્રીમ ભાવે.

૫. મોર એના રંગબેરંગી પીંછાથી ____________ લાગે છે.

પ્રશ્ન-૬. આ ચિત્રને આધારે બા અને બાના વાડા વિષે આપના વિચારો લખો.



# કદમ - ૧

પ્રશ્ન-૧. આ ચિત્રમાં એવી કઈ કઈ વસ્તુઓ છે કે જેનો તમે ઉપયોગ કર્યો છે ? અને ક્યાં ? એવી કઈ વસ્તુઓ છે જેનો તમે ઉપયોગ નથી કર્યો ? કેમ ?



**પ્રશ્ન-૨. નીચેની જાહેરાત વાંચીને તેના આધારે જવાબ આપો.**

## કાંકરિયા કાર્નિવલ

**દસમો કાંકરિયા કાર્નિવલ મહત્ત્વના આકર્ષણ**

ઉત્તમ કલાકારો દ્વારા ડાયરો, હાસ્ય કલાકારો દ્વારા ગમ્મત ગુલાલ, બાળકો માટે રાઈડ્સ, આતશબાજી, ગીત-સંગીતના કાર્યક્રમો, મોટીવેટર દ્વારા મોટીવેશન વક્તવ્યનો તમે લાભ લઈ શકશો.

૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર

● પ્રવેશ ●
નિઃશુલ્ક રહેશે

**અપીલ - માસ્ક ફરજિયાત પહેરવું, બે વ્યક્તિ વચ્ચે યોગ્ય અંતર રાખવું.**

**સ્થળ :** કાંકરિયા તળાવ, મણિનગર, અમદાવાદ.

**સમય :** સાંજે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ સુધી

૧. દસમા કાંકરિયા કાર્નિવલમાં તમે મમ્મી-પપ્પા સાથે જશો તો ટિકિટ માટે કેટલા રૂપિયા આપવા પડશે?

_______________

૨. આ કાંકરિયા કાર્નિવલ અગાઉ કેટલા કાર્નિવલ થઈ ચૂક્યા છે ?

_______________

૩. કાંકરિયા કાર્નિવલમાં લોકોના મનોરંજન માટે કયા કયા કાર્યક્રમો રાખવામાં આવ્યા છે ?

_______________

૪. આ કાર્નિવલમાં કયા કયા કાર્યક્રમો થનાર છે ?

_______________

૫. આ કાંકરિયા કાર્નિવલમાં ભાગ લેવા તમારે કઈ કઈ કાળજી રાખવાની અપીલ કરવામાં આવી છે?

_______________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. તમને મેળાની કઈ બાબત સૌથી વધુ ગમે ? કેમ ?

૨. મેળામાં એવી કઈ કઈ વસ્તુ હોય કે જે ફક્ત મેળામાં જ મળે ?

૩. કદમ-૧ના પ્રશ્ન-૧માં આપેલ ચિત્રમાં જુઓ : એ ચિત્રમાં નટ દોરડા પર ચાલી રહ્યો છે એનું કારણ શું હશે ?

**પ્રશ્ન-૪. તમારા ગામ/વિસ્તારમાં મેળો ભરાય એની અખબારી નોંધ કેવી રીતે તૈયાર કરશો ?**

**પ્રશ્ન-૫. ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.**

ઉદાહરણ : દુકાન - દુકાનદાર

૧. ________________ - ________________

૨. ________________ - ________________

૩. ________________ - ________________

૪. ________________ - ________________

૫. ________________ - ________________

# કદમ - ૨

પ્રશ્ન-૧. તમારું મનપસંદ પ્રાર્થના ગીત લખો.

પ્રશ્ન-૨. તમને ગમતું ચિત્ર ચોંટાડી તેનું વર્ણન કરો.

**પ્રશ્ન-૩. આપેલ અધૂરો સંવાદ પૂર્ણ કરો.**

શિક્ષક : ભોલુ, શનિવારે નિશાળમાં કેમ ગેરહાજર હતો ?

ભોલુ : ____________________

શિક્ષક : ____________________

ભોલુ : તાવ આવ્યો હતો તેથી વહેલા ઉઠી શકાયું નહીં.

શિક્ષક : ____________________

ભોલુ : હા કાલે સવારે જ દવાખાને જઈ દવા લઈ આવ્યો.

શિક્ષક : ____________________

ભોલુ : હવે એકદમ સ્વસ્થ છું.

**પ્રશ્ન-૪. 'એક જ દે ચિનગારી' કાવ્યને આધારે પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રભુ પાસે તમારે માંગવાનું હોય તો તમે શું માંગો ?

______________________________

૨. કવિ પ્રભુ પાસે ધન-વૈભવની માગણી કેમ કરતા નથી ?

______________________________

૩. 'ન્યૂન' શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો.

______________________________

૪. 'ધૈર્ય' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

______________________________

૫. કાવ્યમાં પરમાત્મા માટે કયા શબ્દો વપરાયા છે ?

______________________________

**પ્રશ્ન-૫. આપેલ ચિત્રને આધારે ઉખાણાં કે પંક્તિઓની રચના કરો.**



______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૬. માગ્યા મુજબ લખો.**

- આપેલ ધ્વનિને જોડો.

૧. વ્ + ઈ + પ્ + અ + ત્ + અ = ______________

૨. જ્ + ઈ + ન્ + દ્ + અ + ગ્ + ઈ = ____________________

૩. સ્ + અ + ર્ + ઓ + વ્ + અ + ર્ + અ = ____________________

- આપેલ શબ્દોના ધ્વનિ છૂટા પાડો.

૧. સૂરજ - ____________________

૨. સગડી - ____________________

૩. ધીરજ - ____________________

**પ્રશ્ન-૭. અહીં ધ્વનિ ઘટકોના સ્થાન આડા અવળાં થઈ ગયા છે તો તેને યોગ્ય સ્થાને મૂકો.**

૧. કંઠ્ય - ત, ધ

૨. તાલવ્ય - ક, ખ

૩. દંત્ય - પ, ભ

૪. મૂર્ધન્ય - ચ, ઝ

૫. ઔષ્ઠય - ટ, ઢ

કંઠ્ય - ____________________

તાલવ્ય - ____________________

દંત્ય - ____________________

મૂર્ધન્ય - ____________________

ઔષ્ઠય - ____________________

# કદમ - ૩

પ્રશ્ન-૧. નીચે આપેલ બૉક્સમાં મનપસંદ ચિત્ર ચોંટાડી ચિત્રોને આધારે વાર્તા લખો.

| | |
|---|---|
| | |
| | |

**પ્રશ્ન-૨. આપેલ વિઝિટિંગ કાર્ડના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

પ્રો. લાડુરામ ચાવીવાળા

## સપ્તરંગી રમકડાં શોપ

અમારે ત્યાં ઈલેક્ટ્રીક, બેટરીવાળા નાના-મોટા દરેક પ્રકારના રમકડાં મળશે.

**ખાસ ઑફર : ૨૦૦ રૂપિયાની ખરીદી પર ૫૦ રૂપિયાનું એક રમકડું ફ્રી મળશે.**

**એક શૈક્ષણિક રમકડાંની ખરીદી પર બે વાર્તાની ચોપડી ફ્રી મળશે.**

દરેક રમકડાંની એક વર્ષની ગેરંટી આપવામાં આવશે.

**નોંધ :** દર પૂનમે દુકાન બંધ રહેશે.

**સ્થળ :**

ગુલાબનગર,

રમકડા બજારની ગલીમાં, અમદાવાદ.

પ્રશ્નો :

૧. સપ્તરંગી રમકડાં શોપ કઈ જગ્યાએ આવેલી છે ?

૨. ચિન્ટુ ને ૫૦ રૂપિયાવાળા ત્રણ રમકડાં ફ્રી મળ્યા છે તો તેણે કેટલા રૂપિયાના રમકડાં ખરીદ્યા હશે?

૩. ભોલુએ બેટરીવાળી ગાડી બે વર્ષ પહેલાં ખરીદી હતી હવે તે બગડતાં તે તેને બદલાવી શકશે ? કેમ?

૪. પરીને ચાર વાર્તાની ચોપડી ફ્રી મળી છે તો તેણીએ કેટલાં શૈક્ષણિક રમકડાં ખરીદ્યા હશે ?

૫. સપ્તરંગી રમકડાં શોપ મહિનામાં કેટલી વાર બંધ રહેશે.

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. જુમો હાથી પર બેસીને પરણવા નીકળેલો એ વાક્યના આધારે તમે જુમાના જૂના ઘરની સ્થિતિનું વર્ણન કરો.

૨. તમે જુમાના મિત્ર હો તો પાડાનું શું નામ રાખો ? કેમ ?

૩. ‘જુમો ભિસ્તી’ પાઠના આધારે-‘છેલ્લો તારો આથમતો હતો’ એ વાક્યનો અર્થ જણાવો.

૪. તમે જુમાના મિત્ર હો તો વેણુના મૃત્યુ બાદ તેની એકલતા દૂર કરવા તમે શું કરો ?

**પ્રશ્ન-૪. પાત્રાલેખન કરો.**

૧. વેણુ

**પ્રશ્ન-૫. માગ્યા મુજબ જવાબ લખો.**

**આપેલ વાક્ય જો કર્તરી હોય તો કર્મણિ અને કર્મણિ હોય તો કર્તરીમાં ફેરવો.**

૧. આચાર્ય તરફથી મીનુને ઈનામ મળ્યું

૨. કોઈ પગ વગર દોડી શકે ખરું ?

______________________________________________

૩. મૈત્રીથી શોખ ખાતર એ કૂતરો પળાયો.

______________________________________________

૪. લોકોએ દિવાળીમાં દીવડા પ્રગટાવ્યા.

______________________________________________

૫. તેણી અચનાક રડવા લાગી.

______________________________________________

**પ્રશ્ન-૬. આપેલ એક શબ્દના જેવા પ્રાસવાળા બીજા બે શબ્દો લખો.**

ઉદાહરણ : કાયા માયા છાયા

૧. પાણી ____________ , ____________

૨. ગાડી ____________ , ____________

૩. મન ____________ , ____________

૪. રાત ____________ , ____________

૫. દાળ ____________ , ____________

# કદમ - ૪

પ્રશ્ન-૧. નીચેના ચિત્ર પર સાત-આઠ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. તમારા ઘરના સભ્ય સાથેનો એક પ્રસંગ લખો જેમાં તમને ખૂબ જ મજા આવી હોય.**

**પ્રશ્ન-૩. 'તને ઓળખું છું, મા' એકમના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

૧. 'ચિંતામાં આંખોમાં આંસુ આવે પણ છલકાય નહીં' - એ ભાવ કાવ્યની કઈ પંક્તિઓમાં દર્શાવ્યો છે?

૨. કોઈ ધિક્કારે કે હડસેલે ત્યારે બાળકને માતાની યાદ કેમ આવતી હશે ?

૩. તાવ આવે ત્યારે ઘરનું કોઈ સભ્ય માથા પર હાથ મૂકે ત્યારે કેવો અનુભવ થાય ?

૪. તમે માતા-પિતાની પરિક્રમા વાળી કોઈ વાર્તા સાંભળી છે ? કઈ ?

**પ્રશ્ન-૪. માતૃપ્રેમ દર્શાવતી કોઈ ફિલ્મની વાર્તા કે ગીત લખો.**

**પ્રશ્ન-૫. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દના અક્ષરો આડાઅવળા થઈ ગયા છે, ગોઠવીને લખો.**

| 'અ' | 'બ' | 'અ' | 'બ' |
|---|---|---|---|
| વેણ | ડાપી | | |
| રસ્તો | ધઅર | | |
| દુઃખ | ચવન | | |
| હોઠ | રગમા | | |

**પ્રશ્ન-૬. પાછળથી વાંચીએ તો પણ એવા જ વંચાય તેવા શબ્દો લખો.**

**ઉદાહરણ : કનક, તરત**

# કદમ - ૫

**પ્રશ્ન-૧. નીચેના ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ લખો.**



૧. ચિત્રમાં આપેલ સ્થળે માણસો કેમ ઉમટ્યા હશે ?

૨. તમે ઘર આગળના મેદાનમાં શંખલા અને છીપલાં શોધવા જશો તો મળશે ? કેમ ?

૩. તમે ચિત્રમાં આપેલી જગ્યાએ ફરવા જાઓ તો સૌથી વધુ શાની મજા લો ? કેમ ?

૪. ચિત્રમાં આપેલી જગ્યાએ તમારે દુકાન કરવાની થાય તો શાની દુકાન કરો ? કેમ ?

૫. તમારા મિત્રનું ચપ્પલ પાણીમાં તણાઈ જાય તો તમે શું કરશો ?

**પ્રશ્ન-૨. નીચે આપેલી માહિતી પરથી પ્રશ્નોના જવાબ લખો.**

**મસ્તાના ગાર્ડન**

પ્રવેશ ટિકિટ ચાર્ટ

| | |
|---|---|
| ● ૧૦ વર્ષથી નાની વય જૂથ ધરાવતા. | ૧૫ રૂપિયા |
| ● ૧૧ થી ૧૭ વર્ષની વય જૂથ ધરાવતા. | ૨૫ રૂપિયા |
| ● પુખ્ત વય ધરાવતા. | ૩૫ રૂપિયા |

**આકર્ષક ઑફર : બે વ્યક્તિ દીઠ ૧૦૦ રૂપિયાની કુપન પર તમામ રાઈડ્સ ફ્રી.**

**નોંધ :** ● કોઈપણ જાતની શિસ્તભંગ કરનારને રૂ. ૧૦૦ દંડ થશે.

● માસ્ક ન પહેરનાર બાળક દીઠ રૂ. ૫૦૦ અને પુખ્ત વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦ દંડ થશે.

૧. જો મોહનની ઉંમર ૨૧ વર્ષ છે તો તેને ટિકિટના કેટલા રૂપિયા ચૂકવવા પડશે.

૨. કમલ કેટલા વર્ષનો થાય ત્યારે પુખ્ત વયનો કહેવાય ? કેમ ?

૩. જો તમે અને તમારી ૯ વર્ષની બહેને માસ્ક નથી પહેર્યો તો તમારે કેટલા રૂપિયા દંડ ભરવો પડશે ?

૪. તમે ફ્રી રાઇડ્સ માટે ૩૦૦ રૂપિયા ચૂકવ્યા તો તમને કેટલી વ્યક્તિઓને તેનો લાભ મળશે ?

૫. પંકજ નાસ્તો ખાઈને ગાર્ડનના રસ્તા પર એંઠવાડ ફેંકે છે તો શું તેને દંડ થશે ? કેમ ?

૬. તમારે મસ્તાના ગાર્ડનની આકર્ષક ઓફરનો લાભ લેવા શું કરવું પડશે ?

**પ્રશ્ન-૩. 'એક મુલાકાત' એકમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમારે ગાંધીનગર શહેરને અન્ય નામ આપવાનું હોય તો શું આપો ?

૨. 'એક મુલાકાત' એકમના આધારે ગાંધીનગરની કઈ વાત તમને સ્પર્શી ગઈ ?

૩. ગુજરાત રાજ્યના વિધાનસભા ગૃહનું નામ 'વિઠ્ઠલભાઈ પટેલ ભવન' કેમ રાખ્યું હશે ?

૪. તમે ક્યારે એક્સેલેટરનો ઉપયોગ કર્યો છે ? ક્યાં ?

______________________________

______________________________

૫. વિધાનસભાના મુલાકાતીઓની તપાસ કરવી જરૂરી છે ? કેમ ?

______________________________

______________________________

૬. મુલાકાતીઓ માટે ગેલેરી ફરતે બેઠક વ્યવસ્થા કેમ ગોઠવી હશે ?

______________________________

______________________________

**પ્રશ્ન-૪. તમારા વિસ્તારની કોઈ એક સમસ્યા નિવારણ માટે ગામના વડા કે શહેરના વડાને અરજી લેખન કરો.**

અરજદારનું નામ : ______________

સરનામું : ______________

______________

તારીખ : ______________

પ્રતિ,

______________

______________

**વિષય :** ______________

સવિનય જણાવવાનું કે ______________

લિ. આપનો વિશ્વાસુ,

**પ્રશ્ન-૫. યોગ્ય વિરામચિહ્નો મૂકીને વાક્ય ફરીથી લખો.**

૧. અમારી બસ હાઈવે પરથી પસાર થઈ રહી હતી

૨. અક્ષય બોલી ઉઠ્યો અરે પેલી સીડી તો જુઓ

૩. શિક્ષકે અમને કહ્યું આ નગરને ગ્રીનસીટી પણ કહેવામાં આવે છે

૪. ગુજરાત રાજ્યના વિધાનસભા ગૃહનું નામ શું છે

૫. પ્રકૃતિએ ઉત્સાહભેર કહ્યું વાહ કેવું ભવ્ય ભવન

પ્રશ્ન-૬. પાછળ નગર આવતું હોય તેવા બીજા શહેરોના નામ લખો.

_______________ _______________

_______________ _______________

_______________ _______________

_______________ _______________

પ્રશ્ન-૭. તમારા ગામમાં તમને પ્રિય હોય તેવા એક સ્થળનું ચિત્ર દોરો.

# કદમ - ૬

પ્રશ્ન-૧. નીચેના બંને ચિત્રોમાંથી તમને કયાં રહેવું ગમે અને કેમ ? તેનું વર્ણન કરો.





**પ્રશ્ન-૨. નીચેના ફકરાનું વાંચન કરો અને પ્રશ્નોના જવાબ લખો.**

ઈ.સ. ૧૯૦૪માં એક મોટી સીમા ચિહ્ન રૂપ ઘટના બની, જેણે ગાંધીજીના જીવનમાં ધરમૂળથી પલટો આણી દીધો. ગાંધીની વય ત્યારે ૩૫ વરસની. એકાદ વરસથી એમણે 'ઇન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક છાપું શરૂ કરેલું. તે ડરબનથી નીકળતું.

આ છાપાના કામ માટે ગાંધીને એકવાર જોહાનિસબર્ગથી ડરબન જવાનું થયું. ચોવીસ કલાકની ટ્રેનની મુસાફરી હતી. એમના પરમ અંગ્રેજી મિત્ર મિ. પોલાક સ્ટેશને મૂકવા આવેલા. ''આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તો વાંચજો તમને ગમશે.'' એમ કહી એ પુસ્તક એમણે ગાંધીજીના હાથમાં મૂક્યું.

૧. એમણે 'ઈન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક છાપું શરૂ કરેલું અહીં 'એમણે' એટલે કોણ ?

૨. ફકરામાંથી ‘ઉંમર’ શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

૩. સપ્તાહમાં એકવાર પ્રસિદ્ધ થતું સાપ્તાહિક તો પંદર દિવસે અને મહિને પ્રસિદ્ધ થતાં હોય તેને શું કહેવાય?

૪. મિ. પોલાક સ્ટેશને મૂકવા આવેલા અહીં ‘મિ.’ એટલે ?

૫. ગાંધીજીના જીવનમાં કયારે ધરમૂળથી પલટો આવ્યો ?

**પ્રશ્ન-૩. ‘ધૂળિયે મારગ’ કાવ્યના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમારા મતે ખુશ રહેવા માટે ફક્ત પૈસા પૂરતા છે ? શા માટે ?

૨. કાવ્યમાંથી ‘રંક’ શબ્દનો સમાનાર્થી શબ્દ શોધીને લખો.

૩. મને જીવનમાં ઘણું મળ્યું પણ પુસ્તકોને હું મારો નફો સમજું છું. રેખાંકિત શબ્દના વિરોધીશબ્દ કાવ્યમાંથી શોધીને લખો.

૪. તમે ક્યારેય તમારું દુ:ખ કે સુખ તમારા મિત્ર કે વડીલ સાથે વહેંચ્યું છે ? તેનાથી શું ફેર પડ્યો ?

___

___

૫. 'સર્વ શક્તિમાન આપણી કાળજી રાખે છે જેથી આપણી રોજબરોજની જરૂરીયાતો સંતોષાય છે' એ ભાવ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો.

___

___

**પ્રશ્ન-૪. તમે ક્યારે કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરી છે ? કેવી રીતે ? તે મદદની તે વ્યક્તિ અને તમારા પર શું અસર થઈ ?**

___

___

___

___

___

**પ્રશ્ન-૫. 'માલામાલ' જેવા અન્ય શબ્દો લખો.**

___

___

___

___

___

**પ્રશ્ન-૬. કાવ્યપંક્તિ સમજાવો :**

“ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલમાલ,

આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.”

# કદમ - ૭

**પ્રશ્ન-૧. નીચે આપેલ ચિત્રનું અવલોકન કરો અને પ્રશ્નોના જવાબ લખો.**



૧. તમને સૈનિક બનવું ગમે ? કેમ ?

________________________________________

________________________________________

૨. એક સૈનિક તરીકે તમારે કઈ-કઈ કઠિન પરિસ્થિતિઓનો સામનો કરવાનો થઈ શકે ?

________________________________________

________________________________________

૩. તમને ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળમાંથી કયા દળના સૈનિક બનવું ગમશે ? કેમ ?

___

___

૪. તમે સૈનિક નથી તો તમે દેશસેવા કરી શકશો ? કેવી રીતે ?

___

___

૫. જો કોઈ વ્યક્તિ બસ અકસ્માતમાં મૃત્યુ પામે છે તે તેના નામ આગળ 'શહીદ' લખવામાં આવશે ? કેમ ?

___

___

**પ્રશ્ન-૨. નીચેની વિગત ધ્યાનથી વાંચો અને વિકલ્પો દ્વારા ખૂટતી વિગતો ભરો.**

(અગમચેતીના, આગાહી, વાતાવરણમાં, સૂચના, જાહેર જનતાના, માછીમારોને, ડોરેમોન, તરફ, ખેડવા, હળવા, પાથલ, આગળ, અપીલ, કારણે, અરબીસમુદ્રમાં, તેજ, ઝાપટાં, દિવસ, વાવાઝોડું, મિનિસ્તાન, સર્જાયેલા, હવામાન, છવાયાં)

જાહેર ___ - ___ નામના વાવાઝોડાનો ભય

___ વિભાગની ___ મુજબ મોસમી ઉથલ-___ ના કારણે ___ પલટો જોવા મળી રહ્યો છે. અગાઉ ___ મિકીસ્તાન ___ ફંટાઈ જવાનું હતું. પરંતુ ___ છેલ્લા ચાર ___ દરમિયાન ___ ડિપ્રેશનના ___ આ વાવાઝોડું ___ તરફ ___ ગતિથી ___ વધી રહ્યું છે. તેથી તે છૂટા- ___ વિસ્તારોમાં અઠવાડિયાની અંદર ___ વરસાદના ___ પડી શકે છે. તેથી જાહેરજનતાને ___ પગલાં લેવા ___ કરવામાં આવે છે ___ દરિયો ન ___ સૂચના આપવામાં આવે છે ___ હિતમાં.

**પ્રશ્ન-૩. 'દેશભક્ત જગડુશા' એકમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે ક્યારે કોઈ કુદરતી આફતનો અનુભવ કર્યો છે ? કઈ ? અથવા તેના વિશે સાંભળ્યું છે ? શું ?

૨. 'દેશભક્ત જગડુશા' એકમમાં સૌથી વધુ કોણ ગમ્યું ? કેમ ?

૩. તમે રાજા હો તો પ્રજાના ઉજ્જવળ ભવિષ્ય માટે તમે શું આયોજન કરો ?

૪. તમને ખજાનો મળે તો તમે તે સંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરશો ?

૫. આ નાટકમાં તમારે પાત્ર ભજવવાનું હોય તો તમે કોનું પાત્ર ભજવશો ? કેમ ?

________________________________________

________________________________________

________________________________________

૬. 'દેશભક્ત જગડુશા' નાટકનું શીર્ષક તમને યોગ્ય લાગ્યું ? કેમ ? અન્ય શીર્ષક શું આપી શકાય ?

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. તમે ક્યારેય કોઈ નાટક જોયું છે ? કયું ? ટૂંકમાં વર્ણન કરો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૫. ઉપમા અલંકાર અને રૂપક અલંકારના ઉદાહરણ ઓળખો. તેમાંથી ઉપમેય અને ઉપમાન અલગ તારવો.**

૧. છોટુ સચિન તેંડુલકર જેવો જ ઉમદા ખેલાડી છે. ____________________

૨. કેળવણી પામેલ કદી પોતાનું તેજ ખોતું નથી. ____________________

૩. મનુષ્ય લાગણીશીલ પ્રાણી છે. ____________________

૪. મોહન ગજેન્દ્ર માફક ડગલાં ભરતો હતો. ____________________

૫. તેની ધનુષ્ય જેવી આંખો સ્થિર હતી. ____________________

૬. મીરાંબાઈને રામરમકડું જડ્યું. ____________________

૭. વૃક્ષ જીવતો જાગતો દેવ છે. ____________________

૮. તેના લાંબા કાળાવાળ નાગ જેવા ભાસતા હતા. ____________________

**પ્રશ્ન-૬. શરીરના અંગોનો સમાવેશ થતો હોય તેવા રૂઢિપ્રયોગોની યાદી તૈયાર કરી વાક્ય પ્રયોગ કરો.**

ઉદાહરણ : ૧. મોં બગાડવું.

૨. ગળે ઉતરવું.

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

વાક્ય :

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

# કદમ - ૮

પ્રશ્ન-૧. નીચેના ચિત્રનું વર્ણન કરો.



**પ્રશ્ન-૨. નીચે આપેલ કંકોત્રીમાં કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

(સુદ, સહર્ષ, શાકમાર્કેટ, અભિવૃદ્ધિ, સુપુત્રી, શુભદિન, પધારી, નિવાસી, કારેલાભાઈ, સ્થળ, અમારા, શુભલગ્ન, સવંત, અ.સૌ., શુભ પ્રસંગે, સુપુત્ર, ટામેટાં, અસીમ, શ્રીમાન, પરિણય, મૂળીબેન, રોકડ, આશીર્વાદ, દૂધીબેન, સ્નેહીશ્રી)

મંગલ ____________

____________ ____________ દૂધાભાઈ ____________ શ્રીમતી ____________ .

____________ જણાવવાનું કે ____________ તરુદેવતાની ____________ કૃપાથી મોટા શાકમાર્કેટ કિશાનનગર ____________ ____________ કારેલીબેન તથા શ્રી ____________ કારેલીયાની ____________ .

**ચિ. ટામેટીના ____________ ચિ. ____________**

હાલ નાના ____________ કિસાનનગર નિવાસી અ.સૌ. ____________ તથા શ્રી મૂળાભાઈ મૂળલિયાના ____________ સાથે ____________ ૨૦૭૭ માગશર ____________ ૧૧ને શનિવાર તા. ૧૦-૧૨-૨૦૨૦ના ____________ નિરધાર્યા છે.

આ ____________ નવદંપતિને ____________ આપવા આપ સૌ ____________ શોભામાં કરશોજી.

**પ્રશ્ન-૩. 'આજ આનન્દ' કાવ્યના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે કયા-કયા પ્રસંગે લોકગીતો સાંભળ્યા છે ?

________________________________________

________________________________________

૨. તમારા જીવનનો સૌથી વધુ આનંદદાયક પ્રસંગ કયો છે ?

________________________________________

________________________________________

૩. વ્યવસાયકારો કોઈક ખાસ દિવસે તેમના સાધનોની પૂજા શા માટે કરતા હશે ?

________________________________________

________________________________________

૪. કયા-કયા પ્રસંગે બહેન ભાઈના લલાટ પર ચાંદલો કરે છે ?

________________________________________

________________________________________

૫. તમને કઈ ઋતુ સૌથી વધુ ગમે ? કેમ ?

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. એક શિક્ષિત ખેડૂત તરીકે ખેતીકામમાં તમે કયા નવા પ્રયોગ કરશો ?**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૫. નીચેના આપેલા શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખો.**

૧. આકાશ - ____________ , ____________

૨. વીજળી - ____________ , ____________

૩. ધરતી - ________________ , ________________

૪. લલાટ - ________________ , ________________

૫. ડોક - ________________ , ________________

૬. ચીર - ________________ , ________________

૭. સરિતા - ________________ , ________________

૮. વરસાદ - ________________ , ________________

**પ્રશ્ન-૬. એક શબ્દ પાછળ બીજો શબ્દ જોડતાં નવો શબ્દ બને તેવા શબ્દો શોધો અને નવો શબ્દ લખો.**

**ઉદાહરણ :** જન, સભા - જનસભા

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________


________________________________________

________________________________________

________________________________________

## કદમ - ૯

**પ્રશ્ન-૧. નીચે આપેલ ચિત્રનું અવલોકન કરો અને પ્રશ્નોના જવાબ લખો.**



૧. તમે તમારા ધર્મસ્થળ સિવાય અન્ય કયા ધર્મસ્થળની મુલાકાત લીધી છે ? તેની એક વિશેષતા લખો.

૨. ચર્ચની ઉપર ક્રોસ કેમ લગાવવામાં આવતો હશે ?

___

___

___

૩. સર્વધર્મ પ્રાર્થના લખો.

___

___

___

૪. તમે કોઈ ધર્મનું પુસ્તક વાંચ્યું છે ખરું ? તેની બે-ત્રણ લીટી લખો.

___

___

___

૫. અલગ અલગ ધર્મના તહેવારોમાં તમને શું સમાનતા જોવા મળે છે ?

___

___

___

**પ્રશ્ન-૨. નીચેનો ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

ચકાભાઈ અને બકાભાઈ બંને પાક્કા ભાઈબંધ. સુખ-દુઃખની વાતો એકબીજા સાથે વહેંચે. કોઈ મુશ્કેલી હોય તો તેનો તોડ કાઢે. બકાભાઈએ કહ્યું, એકવાર અમારે ત્યાં ચુસ્ત સત્યાગ્રહી ભાઈ આવ્યા. રાતવાસો કરવાના હતા તેથી રાતનું જમવાનું અમારા ત્યાં નક્કી થયું. નિયમો અને વ્રતોમાં વધારે દ્રઢતા. થાળીમાં અન્નનો એક દાણો પણ ન બચે તેના ચુસ્ત આગ્રહી. અમે એ જાણતા હતા તેથી તેમને જરૂર મુજબની જ

વસ્તુઓ પીરસી હતી. થાળીમાં દાળ-ભાત, શાક-રોટલી બધું સપ્રમાણ મૂક્યું હતું. તેઓ શાંતિથી જમ્યા એટલે અમે રાજી થયા. ભોજન પૂરું થયા પછી અમે એક કૌતુક જોયું ! એ ભાઈ થાળીમાં પાણી રેડીને એ બધું પાણી પી ગયા ! થાળી તો ચોખ્ખીચટ્ટ. જાણે હાલ માંજી હોય તેવી ! એટલામાં વળી મને એમ થયું કે અતિથિ ભૂખ્યા તો નહીં રહ્યા હોય ને ? એટલે થાળીમાં કેળું મૂક્યું. ખલાસ ! થાળીમાં મૂક્યું એટલે ખાવું જ પડે. નિયમ એટલે નિયમ ! તેઓએ કેળું તો ખાધું પણ તેની છાલ પણ ખાઈ ગયા ! થાળીમાં છાલ પણ ના છોડાય તેવું ચુસ્ત વ્રત ! ચકાભાઈની વાત સાંભળી બકાભાઈએ કહ્યું 'હવે એમની થાળીમાં શ્રીફળ મૂકજે.'

૧. અમારે ત્યાં ચૂસ્ત <u>સત્યાગ્રહી</u> ભાઈ આવ્યા. રેખાંકિત શબ્દનો અર્થ સમજાવો.

___

___

૨. બધાને શાનું કૌતુક થયું ?

___

___

૩. અતિથિને દેવતૂલ્ય કેમ કહ્યા હશે ?

___

___

૪. 'એમને રાતનાં મોડા શિરામણ કરવાની ટેવ નથી.' વાક્ય સુધારીને ફરીથી લખો.

___

___

૫. ફિક્કુંફસ, કાળુંમેશ જેવા અન્ય ઉદાહરણો લખો.

___

___

૬. મહેમાન ભૂખ્યા તો નહિ રહ્યા હોય ને એવું કેમ લાગ્યું હશે ?

**પ્રશ્ન-૩. 'દીકરાનો મારનાર' એકમના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

૧. હોળીમાં કોઈને જબરદસ્તી રંગ કરવો એ તમારા મતે યોગ્ય છે ? કેમ ?

૨. તમે મહેમાનની જગ્યાએ હોવ તો તમે ઘેરૈયાઓનો પ્રતિકાર કેવી રીતે કરો ?

૩. 'મંદોદરખાન ઉદાર દિલના હતા.' સમાન અર્થ ધરાવતું વાક્ય પાઠમાંથી શોધીને લખો.

૪. મંદોદરખાનનું ચારણ પ્રત્યેનું વલણ તમને યોગ્ય લાગ્યું ? શા માટે ?

૫. હરણની જેમ ફાળ ભરતી ઘોડી તમારી પાસે હોય તો તમે શું કરો ?

૬. એકમને અન્ય શીર્ષક આપવું હોય તો શું આપી શકાય ?

**પ્રશ્ન-૪. 'ક્ષમાવીરોનું આભૂષણ છે' એ કહેવતને સાર્થક કરતી વાર્તા ટૂંકમાં લખો.**

**પ્રશ્ન-૫. નીચે આપેલા ઉદાહરણ મુજબ વાક્યો બનાવો.**

ઉદા. મંદોદરખાનની ઘોડી ઝમઝમ કરતી દોડી.

# કદમ - ૧૦

**પ્રશ્ન-૧. નીચે આપેલ ચિત્રનું અવલોકન કરો અને પ્રશ્નોના જવાબ લખો.**



૧. વર્ષાઋતુમાં તમને શું નથી ગમતું ?

૨. આપેલ ચિત્રમાં લોકો રસ્તા પર ચાલતાં કેમ સાવચેતી રાખતા હશે ?

૩. તમારા ગામ કે શહેરના રસ્તાની હાલત ખરાબ છે, તો તમે શું કરશો ?

૪. તમારા ગામના લોકોને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે તમે સરપંચ/પ્રમુખ તરીકે શું કરશો ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૫. આફત આવે તે પહેલાં તેના નિવારણની તૈયારી કરવી તે વાક્ય માટે કઈ કહેવત લખશો ?

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૨. નીચેના પ્રવેશ પાસના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**કાવ્ય સંધ્યા**

ગરવી ગુજરાતના ગરવા કવિઓના સુમધુર સંસ્મરણાર્થે,

કાવ્યસાહિત્ય અકાદમીની અનોખી પહેલ

**ગુજરાતી ભાષાની કાવ્ય સ્પર્ધા**

તા. ૨૧/૦૨/૨૦૨૦

ઉગતા કવિઓ માટે સાહિત્ય પરિષદમાં જોડાવાની ઉત્તમ તક

**રજીસ્ટ્રેશન ફી - ૧૦૦ રૂપિયા.**

**ખાસ નોંધ :** કોરોના મહામારીના કારણે અમારી વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

❖ ભાગ લેનાર પ્રતિસ્પર્ધીએ જરૂરી સામાનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.

❖ પ્રવેશ નિઃશુલ્ક રહેશે.

www.kavysandhyagujarati.com

**શુભસ્થળ :** મેઘાણીમેદાન, કલાપીનગર.

**ખાસ અપીલ :** કોરોના મહામારીના કારણે સરકારી ગાઈડલાઈન મુજબ વર્તવા જાહેરજનતાને વિનંતી.

૧. અહીં 'ઉગતા કવિ'એ શબ્દ વાપરવાનું પ્રયોજન શું હશે ?

૨. મીનુએ હિન્દી કવિતાની રચના કરી છે તો શું તે સ્પર્ધક બની શકશે ? કેમ ?

૩. સ્પર્ધાની તારીખ પસંદ કરવા પાછળનું પ્રયોજન શું હોઈ શકે ?

૪. તમારા પરિવારના પાંચ સભ્યોને કાર્યક્રમ નિહાળવો છે, તો તમારે પ્રવેશ માટે કેટલા રૂપિયા ચૂકવવા પડશે ?

૫. મોહનને કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે શું કરવું પડશે ?

૬. કવિને કાવ્ય પ્રસ્તુત કરવા હાર્મોનિયમની જરૂર છે, તો તેને તે સ્થળ ઉપર મળશે ? શા માટે ?

**પ્રશ્ન-૩. 'અઢીઆના' એકમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમને કઈ ભાષા સૌથી સરળ લાગે ? શા માટે ?

૨. તમે ભવિષ્યવાણીને સંપૂર્ણપણે સાચી માની લેશો ? શા માટે ?

૩. તમારી મમ્મી પૂજા કરીને ફૂલો અને ચૂંદડી નદીમાં પધરાવે છે, તો તેમનું વર્તન યોગ્ય છે ? કેમ ?

૪. તમે કોઈ આશ્રમની મુલાકાત લીધી છે ? કયા ?

**પ્રશ્ન-૪. તમને કે તમારા પરિવારને મુશ્કેલીના સમયમાં કોઈએ મદદ કરી હોય તો તમે તેનો બદલો કેવી રીતે વાળશો ? તે વર્ણવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

